# ચાણસ્માના મણીયારી ગામે બ્રહ્માણી માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

## મહેતા, ભટ્ટ, દેરાશ્ન પરિવારો કુળદેવીના આ પ્રસંગમાં હરખભેર ઉમટી પડ્યા

ગાંધીનગર, તા. ૨

ચાણસ્મા તાલુકાના નાનકડા મણીયારી ગામે બ્રાહ્મણોની કુળદેવી બ્રહ્માણીમાતાજીના મંદિરનો જિર્ણોદ્ધાર તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઈ ગયો. ત્રિદિવસીય આ મહોત્સવમાં મહેતા, ભટ્ટ અને દેરાશ્ન પરિવારો મોટી સંખ્યામાં હરખભેર આવ્યું હતું. જેમાં વિવિધ ધાર્મિક વિધિ સહિત માતાજીની ભવ્ય શોભાયાત્રા ગામમાં નીકળી હતી. રવિવારના દિવસે બપોરે ૧૨.૩૯ મિનિટે મંત્રોચ્ચારના પ્રચંડ ધ્વનિ સાથે નિજ મંદિરમાં બિરાજમાન માતાજીમાં પ્રાણ પુરાયા હતા તે સાથે જ હાજર સૌએ માતાજિનો જયઘોષ કર્યો હતો.

માતાજીના આ પ્રસંગમાં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ



ઉમટી પડ્યા હતા. માતાજીના જયજયકાર સાથે વિવિધ ધાર્મિક પ્રસંગો સહ ગામમાં શોભાયાત્રા પણ નીકળી હતી જો કે ગામનો સહકાર કોઈ કારણસર ન મળતા બ્રાહ્મણોની લાગણી દુભાઈ હતી અને હાજર સૌ સખત નારાજગી વ્યક્ત કરી રહ્યા હતા.

ચાણસ્મા અને મોઢેરાથી નજીક આવેલા નાનકડા મણીયારી ગામમાં બ્રહ્માણી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો હતો. મહેતા, ભટ્ટ અને દેરાશ્ન કુટુંબોની કુળદેવી બ્રહ્માણીમાતાજીના નિજ મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો છે. અને સમગ્ર કુટુંબોએ આ પ્રસંગ દિપ ઉઠે તે હેતુસર પોતાનાથી થતી તન, મન અને ધનની સરવાણી વહાવી દીધી હતી. નવીન મંદિરમાં તા. ૨૯, ૩૦ અને ૩૧ મે દરમ્યાન માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં માટે યજમાનોએ યથાશક્તિ અને નક્કી કરેલ ફાળો આપી લાભ મેળવ્યો હતો. હોમહવન અને મહાઆરતીનો લાભ લઈ હાજર બ્રાહ્મણ પરિવારો ધન્ય બન્યા હતા. તેમજ મહાપ્રસાદ આરોગી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. જો કે ગામ લોકોનો કોઈ કારણસર સહકાર પ્રાપ્ત થયો ન હોતો જેથી સર્વેની અને ગામની દેવીના આ પ્રસંગમાં આ પ્રકારની પ્રવૃત્તિથી હાજર સૌની લાગણી દુભાઈ હતી. માતાજીનો પ્રસંગ એ સૌનો પ્રસંગ હોવાનો એક સુર મહોત્સવમાં જણાતો હતો. પરંતુ ગામ લોકો દ્વારા આ પ્રસંગે પણ કેટલીક સુવિધાઓ ન આપી અગવડો ઉભી થાય તેવો પ્રયાસ કરતા બ્રાહ્મણોમાં નારાજગી વર્તાતી હતી. છતા પણ જેવી માતાજીની મરજી તે ઉક્તિએ પ્રસંગ રંગેચંગે પૂર્ણ થયો હતો.

# અજાણ્યો ઈસમ ગરીબ ખેડૂતના ખાતામાંથી રૂપિયા ઉપાડી ગયો

ધાનેરા, તા. ૨

બનાસકાંઠાના થરાદ તાલુકાના રાહ ગામના ખેડૂતના ખાતામાંથી ઉપાડી ગયા રૂપિયા ૯૭ હજાર અને ખેડૂતને ખબર પણ ના પડી જ્યારે ખેડૂતને ખબર પડી ત્યારે ખેડૂત ધાનેરાની બેંકમાં પહોંચ્યો પરંતુ ત્યાં પાના તેને ધુત્કારીને કાઢી મુકવામાં આવ્યો હવે આ ખેડૂત પહોંચ્યો છે પોલીસના સહારે.

કેમેરાની સામે પોલીસ સ્ટેશનમાં ઉભેલા ખેડૂતનું નામ છે સેઘજી ઝાલજી વાઘેલા જે થરાદ તાલુકા રાહ ગમે છે અને ખેતી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ ખેડૂતે પોતાના ખેતર ઉપર ધાનરા દેના ગુજરાત ગ્રામીણ બેંકમાંથી બે લાખ રૂપિયા પાક ધિરાણની માંગણી કરી હતી અને બેંક દ્વારા તેનું પાક ધિરાણ મંજુર પણ કરવામાં આવ્યું હતું. જેમાંથી તેને એક લાખ રૂપિયાની જરૂર હતી એટલે એક લાખ રૂપિયા બેંકમાંથી ઉપડ્યા હતા અને બાકીના એક લાખ રૂપિયા તેને બેંકમાં જ જમા રાખ્યા હતા. પરંતુ તેના આ જમા પડેલા એક લાખ રૂપિયા કોઈ અજાણ્યા ઈસમે બેંકમાંથી ઉપાડી લીધા અને ઘટનાની જાણ ખેડૂતને થતા ખેડૂતનો પરિવાર ધાનેરાની દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં દોડી આવ્યા હતા અને આ બાબતે પૂછપરછ



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

કરતા બેંકના મેનેજર ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા અને આખરે આ ખેડૂત પરિવાર બેંકમાંથી ધુત્કારીને કાઢી મુકવામાં આવ્યા હતા.

ખેડૂતે ધાનેરા પોલીસનો સહારો લેતા ધાનેરા પોલીસે આ ખેડૂત ફરિયાદના બદલે ફક્ત અરજી જ સ્વીકારી અને આ બાબતે ધાનેરા પોલીસને પુછાતા ધાનેરા પોલીસ ગલ્લાતલ્લા કરવા લાગી અને આ બાબતે કઈ જ કહેવાનો પોલીસ પણ ઈનકાર કરી રહી છે.

કહેવાય છે કે બેંકમાં નાણા સલામત રહે છે પરંતુ હવે તો આ કહેવત પણ જુઠી ઠરવા લાગી છે. હવે જોવાનું એ રહે છે કે આ ખેડૂતના પૈસા પાછા મળે છે કે નહિ ધાનેરાની પોલીસ તપાસ કરે છે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે.

# વડાલી કંપા નજીક કાર પલટી ખાઈ જતા સળગી ઉઠી : ચારને ઈજા

હિંમતનગર, તા. ૨

વડાલી-ધરોઈ માર્ગ પર આવેલ વડાલી કંપા પાસે સોમવારે ગેસ સંચાલિત એક કાર અચાનક પલટી ખાઈ જતા ત્રણ જણાને ઈજા થઈ હતી. તેમજ કાર સળગી જતા એક શખ્સ દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વડાલી કંપા નજીકથી સોમવારે પસાર થતી કાર નં. જીજે-૧-બી.પી.-૧૧૨૪ પસાર થઈ રહી હતી ત્યારે કારના ચાલકે અચાનક સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા કાર રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેથી તેમાં બેઠેલા નિર્મલ સુભાષભાઈ પટેલ (તાંદલીયાકંપા), શ્રેય કાંતિલાલ પટેલ (પ્રતાપગઢ કંપા), શ્રેય રમણભાઈ પટેલ, (ગોતાકંપા)ને ઈજા થઈ હતી.

ત્યારબાદ અચાનક કાર સળગી ઉઠતા વૈદિક ભાઈલાલભાઈ પટેલ (ગોતાકંપા) દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે ૧૦૮ દ્વારા વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. કારમાં આગ લાગતા વડાલી ફાયર બ્રિગેડના જવાનોએ આવીને પાણીનો મારો ચલાવી આગને બુઝાવી દીધી હતી. બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરના પીઢ ફોટોગ્રાફરનું નિધન

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૩૪ વર્ષથી પ્રેસ ફોટોગ્રાફર તરીકે સેવા આપતા કપિલભાઈ રાવલનું તા. ૨-૬-૨૦૧૫ના મંગળવારના રોજ સવારે માંદગી બાદ નિધન થયુ છે. તેમનું બેસણું તા. ૪-૬-૨૦૧૫ના રોજ સવારે ૯ થી ૧ દરમિયાન ૧૪, ઋષભદેવ સોસાયટી, પોલોગ્રાઉન્ડ હિંમતનગર ખાતે રાખેલ છે.



## ખેડબ્રહ્મામાં પૂનમે અંબાજીના દર્શનાર્થે માઈભક્તો ઉમટ્યા

અંબાજી માતાજીનું મુળ સ્થાનક મનાતુ ખેડબ્રહ્માના નાના અંબાજીએ પૂનમના દિવસે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. ખેડબ્રહ્માના અંબાજી માતાની પૂનમ ભરવા આવતા માઈભક્તો પગપાળા તથા અન્ય દર્શનાર્થીઓની લાંબી લાઈનો જોવા મળી હતી. માતાજીના ચરણોમાં મસ્તક નમાવી માઈભક્તો ધન્યતા અનુભવતા હતા. પૂનમ નિમિત્તે દર્શનાર્થીઓના ઘસારાને ધ્યાનમાં રાખી ટ્રસ્ટી મંડળ તથા મેનેજર ઘનશ્યામસિંહ રહેવર દ્વારા દર્શનાર્થીઓ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજ ખાતે રેલવેની મહિલાએ પડતુ મુકી જીવન ટુંકાવ્યુ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામની મહિલાએ અગમ્ય કારણોસર રેલવે નીચે પડતું મુકીને જીવનનો અંત આણ્યો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ફાટક પાસે મંગળવારના રોજ સવારે ઉદેપુર મેલ નીચે અંદાજે ૫૦ વર્ષની મહિલાએ અગમ્ય કારણોસર પડતું મુકી જીવનલીલાનો અંત આણ્યો હતો. જ્યારે ગાડી આવતાની સાથે પાટા ઉપર ઢળી પડતા મહિલાના હાથ પગ માથાનો ભાગ કપાઈ જતા અલગ-અલગ ભાગ પડી ગયા હતા અને મહિલા પાસેથી એક ચીઠ્ઠી મળી આવતાં તેમાં તેમણે નામ સરનામુ લખેલ હતુ. તેના ઉપરથી તેની ઓળખ થઈ હતી. જેમાં મરનાર મહિલા દેસાઈ ગંગાબેન હેંગરાજભાઈ રહે. સીતવાડા, જી. સાબરકાંઠા લખેલ મલ્યુ હતુ. અને આ સમાચાર વાયુવેગે પ્રસરી જતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ તથા રેલવે ને ફાટક મેન (ગેટમેન) બળદેવભાઈ મંગળદાસ વાઘેલા દ્વારા જાણ કરતાં પ્રાંતિજ પોલીસ તથા રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

## જવાનપુરાની યુવતીના સાસરીયાનું પોત પ્રકાશ્યુ

હિંમતનગર, તા. ૨

ઈડરના જવાનપુરા વિસ્તારમાં રહેતી એક યુવતીના ૧૯ દિવસ અગાઉ લગ્ન થયા હતા. ત્યારબાદ તેણીના સાસરીયાઓ દ્વારા રૂ. ૩ લાખનું દહેજ માગી માર મારતા યુવતીએ સોમવારે ત્રણ સાસરીયા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જવાનપુરા વિસ્તારમાં રહેતા પાયલબેન ભરતભાઈ ડાભીના લગ્ન ગત તા. ૧૧ મે ના રોજ ગાંધીનગરના વિશાલકુમાર ગિરીશભાઈ ગોહિલ સાથે કરાયા હતા. ત્યારબાદ દહેજ ભૂખ્યા પતિ અને સાસરીયાઓ દ્વારા પાયલબેને દહેજમાં રૂ. ૩ લાખ લાવવા માગણી કરી હતી અને પતિ વિશાલકુમાર, સસરા ગિરીશભાઈ તથા સાસુ કલાબેન દ્વારા માર મારવામાં આવ્યો હતો. જેથી પાયલબેને સોમવારે પતિ,સસરા, સાસુ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજેન્દ્રનગરના સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટને વડોદરામાં એક્સલન્સ એવોર્ડ એનાયત

મોડાસા, તા. ૧

દેશ-વિદેશ અને ગુજરાતમાં રક્તપિત અને મંદબુધ્ધિના ભાઈ-બહેનોની સાર-સંભાળ અને આશ્રય આપવા માટે જાણીતા સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્રનગરને ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એક્સલન્સ એવોર્ડ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)

હિંમતનગર શામળાજી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ પર રાજેન્દ્રનગર ચોકડી પાસે આવેલ સંસ્થા સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટને અત્યાર સુધી વિવિધ સંસ્થાઓ અને સરકાર દ્વારા ઘણા બધા એવોર્ડ અને સન્માનપત્રો સાથે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે. સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ છેલ્લા ત્રણેક દાયકાથી રક્તપિત્તના દર્દીઓ મંદબુદ્ધિના ભાઈ-બહેનો તથા ગરીબ-મા બાપના દિકરા, દિકરીઓને આશ્રય આપી જુદી જુદી રીતે થઈ રહેલા સેવાકાર્ય થકી આ સેવા સંસ્થામાં હાલ ૧૦૧૨ આશ્રમવાસીને અને પાંજરાપોળમાં ૪૦ વૃદ્ધ અપંગ ગાયોની સેવા સુશ્રુષા થઈ રહી છે. આ સંસ્થાને ગુજરાત સહિત રાજસ્થાન અને અન્ય રાજ્યો તથા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો તથા સેવા સંસ્થાઓ દ્વારા એવોર્ડ તથા સન્માનપત્રો અને સાથે આર્થિક સહયોગ આપી નવાજવામાં આવેલ છે.

તાજેતરમાં સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્રનગરને ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ વડોદરા દ્વારા સમાજ કલ્યાણ માટે ૨૦૧૩નો એફજીઆઈ એવોર્ડ, સન્માનપત્ર અને રૂ. ૨૫,૦૦૦નો ચેક કેન્દ્ર સરકારના મંત્રી સુરેશ પ્રભુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

## ઈડર બસ સ્ટેન્ડમાંથી મુસાફરના ખિસ્સામાંથી ગઠીયો ૫૦ હજાર સેરવી ગયો

હિંમતનગર, તા. ૨

વડાલી તાલુકાના ધરોદ ગામના એક ઈસમ સોમવારે કામ અર્થે ઈડર આવ્યા હતા અને ત્યાંથી બસમાં બેસવા જતા હતા ત્યારે અજાણ્યા શખ્સે તેમના પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૫૦ હજાર સેરવી લીધા હતા. જે અંગેની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે ધરોદ ગામના ખુમાનસિંહ શેતાનસિંહ ભાટી સોમવારે કામ અર્થે ઈડર આવ્યા હતા અને બસમાં બેસવા જતા હતા ત્યારે ભીડનો લાભ લઈને એક અજાણ્યો શખ્સ તેમના પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૫૦ હજાર સિફતપૂર્વક સેરવી લઈ ભાગી ગયો હતો. ત્યારબાદ ખુમાનસિંહને ખબર પડતા તેમણે ઈડર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## અજેપુરમાં શેઢા બાબતે ઝઘડો થતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

વિજયનગર તાલુકાના અજેપુર ગામે ગત તા. ૨૯ મે ના રોજ શેઢા બાબતે એક ખેડૂતને ચાર શખ્સો સાથે ઝઘડો થતાં ત્રણ જણાને ઈજા પહોંચાડી હતી. જેથી ચારેય જણા વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# શ્યામનગર નજીક જીપે ટક્કર મારતા બાઈકસવારનું મોત

હિંમતનગર, તા. ૨

વડાલી-ખેડબ્રહ્મા માર્ગ પર આવેલ શ્યામનગર નજીક રવિવારે એક જીપના ચાલકે બાઈક સવારને હડફેટે લીધા હતા. જેથી બે યુવાનોને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં એક ઈજાગ્રસ્તનું મોત નિપજ્યું હતું. જે અંગે વડાલી પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકાના નીચીધનાલ ગામના તેજાભાઈ રામાભાઈ ઠાકરડા તથા બેચરભાઈ મોહનભાઈ ઠાકરડા બાઈક નં. જીજે-૯.એએ.૪૧૮૪ લઈ કામ અર્થે રવિવારે ખેડબ્રહ્મા જઈને પરત આવતા હતા ત્યારે શ્યામનગર પાસેથી પસાર થતી જીપ નં. જીજે૬.જેજે.૪૬૮૭ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈકને હડફેટે લીધુ હતુ. જેથી બંને બાઈક સવારોને ઈજા થતા સારવાર માટે વડાલી ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન બેચરભાઈ મોહનભાઈ ઠાકરડાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. બનાવ અંગે નીચીધનાલના રામાભાઈ ધુળાભાઈ ઠાકોરે જીપચાલક વિરૂદ્ધ સોમવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# અરવલ્લીમાં નવા સીમાંકન પ્રમાણે આદિવાસી સમાજનો દબદબો રહેશે

મોડાસા, તા. ૨

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મંગળવારે અરવલ્લી જિલ્લા પંચાયત અને જિલ્લાની ૬ તાલુકા પંચાયતોની વોર્ડ રચના સહિત બેઠક ફાળવણીનો પ્રાથમિક આદેશ કરાયો છે. જેમાં જિલ્લા પંચાયતની કુલ ૩૦ બેઠકોમાં ૫૦ ટકા મહિલા અનામતના નિયમ મુજબ ૧૫ બેઠકો મહિલાઓને ફળવાઈ છે. જેમાં ૮ બેઠકો સામાન્ય, જ્યારે ૭ બેઠકો અનુસૂચિત આદિજાતિને ફાળવાઈ છે. જ્યારે અન્ય અનામત બાદ કરતાં બિન અનામત ૯ બેઠકો સામે ૭ બેઠકો સાથે આદિવાસી સમાજનું નવીન જિલ્લા પંચાયતમાં પ્રભુત્વ રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦